## 12મા વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સમગ્ર શહેર જોડાયું વિદ્યાર્થીથી લઇને નેતાઓએ યોગ કર્યા













■ 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે સુરતના સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે જિલ્લા કક્ષાના યોગ દિવસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તો સુરત એરપોર્ટ અને વેડરોડ ગુરુકુળમાં પણ આ દિન નિમિત્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. (તસવીર : સતીષ જાદવ)

**વિરોધાભાસી પરિપત્રો: ઇંધણ બચતની વાતો વચ્ચે શિક્ષકોને સરસાણા દોડાવાયા**

# 13,500થી પણ વધુ વિદ્યાર્થીઓએ શિક્ષણ સમિતિની શાળા છોડી દીધી

**2030 સુધીમાં શહેરને 100 ટકા સાક્ષર કરવાની વાતો પોથી માંહેનાં રીંગણાં સાબિત થાય તો ના નહીં**

સુરતઃ સુરત મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિ દ્વારા બહાર પાડવામાં આવેલા બે અલગ-અલગ પરિપત્રોએ તંત્રના વિરોધાભાસી અભિગમને ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે. મનપા તંત્ર એક તરફ વર્ષ 2030 સુધીમાં શહેરને 100 ટકા સાક્ષર બનાવવાનો દાવો કરી રહ્યું છે, તો બીજી તરફ 13,500થી વધુ બાળકો શિક્ષણ વ્યવસ્થામાંથી બહાર થઈ ગયા હોવાના આંકડા સામે આવ્યા છે. આવા વિદ્યાર્થીઓને ફરી શાળામાં લાવવા માટે પ્રવેશોત્સવને એક મહત્વપૂર્ણ અભિયાન માનવામાં આવે છે.

આ અભિયાનની પૂર્વતૈયારી માટે યોજાયેલી બેઠકમાં દરેક શાળામાંથી માત્ર એક આચાર્ય અને એક શિક્ષકને હોલ સુધી આવવું પડે તો ઈંધણનો વ્યય થશે તેવી વિચિત્ર દલીલ કરવામાં આવી હતી. આથી, વડાપ્રધાનના ઈંધણ બચતના આહવાન અને કરકસરના સંદેશાને ટાંકીને આ બેઠક ઓનલાઈન રાખવાનો નિર્ણય લેવાયો હતો, જેની વ્યાપક ચર્ચા થઈ રહી છે.

આ ઓનલાઈન બેઠકના બરાબર એક જ દિવસ બાદ શિક્ષણ સમિતિ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે બીજો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો, જે તંત્રના બેવડાં ધોરણો છતાં કરતો હતો. આ નવા આદેશ મુજબ, દરેક શાળામાં માત્ર બે જ શિક્ષકોને ફરજ પર રાખીને બાકીના તમામ શિક્ષકોને વહેલી સવારે સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે રૂબરૂ હાજર રહેવાનું ફરમાન કરાયું હતું. પરિણામે કતારગામ, વરાછા, કાપોદ્રા, કોસાડ, લિંબાયત, ગોડાદરા, ડિંડોલી, પાલનપુર, પાલ અને અડાજણ જેવા શહેરના છેવાડાના વિસ્તારોમાંથી સેંકડો શિક્ષકોને વહેલી સવારે લાંબું અંતર કાપીને સરસાણા પહોંચવાની ફરજ પડી હતી. આમ, એક તરફ બે વ્યક્તિની અવરજવરમાં ઈંધણ બચાવવાની વાતો કરતું તંત્ર બીજી તરફ સેંકડો શિક્ષકોને મોટા પાયે રૂબરૂ બોલાવી રહ્યું હોવાથી શિક્ષણ સમિતિનો આ વિરોધાભાસી નિર્ણય ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

# વોશિંગ પાઉડર અને શેમ્પુ બાદ નકલી સાબુ પકડાયા

**સરથાણાના સૂર્યોદય રો-હાઉસમાં ચાલતી ફેક્ટરી પર પોલીસના દરોડા**

સુરતઃ સરથાણા વિસ્તારમાં બ્રાન્ડેડ કોસ્મેટિક્સ કંપનીના નામે ડુપ્લિકેટ સાબુ બનાવવાનું એક બહુમોટું કૌભાંડ પોલીસે ઝડપી પાડ્યું છે. પુણેની પ્રખ્યાત 'યામી ઘર શોપ પ્રાઈવેટ લિમિટેડ' કંપનીના લોગો અને ટ્રેડમાર્કનો ગેરકાયદેસર ઉપયોગ કરી, તેના જેવા જ આબેહૂબ નકલી સાબુ બનાવી બજારમાં વેચવાનું આ કૌભાંડ સરથાણાના એક મકાનમાંથી પકડાયું છે. પોલીસે ઘટનાસ્થળેથી આશરે રૂપિયા ૬,૬૭,૫૦૦/- ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી મુખ્ય આરોપીની સરથાણા પોલીસે ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

'યામી ઘર શોપ પ્રા.લિ.' કંપનીના ઓથોરાઇઝ્ડ પર્સન જયદીપભાઈ સુભાષભાઈ ભટ્ટી (રહે. ન્યુ રાણીપ, અમદાવાદ) અને તેમના સહ-કર્મચારી સુભાષભાઈ ભુતોરીયાને ખાનગી રાહે બાતમી મળી હતી કે સુરતના સરથાણા વિસ્તારમાં આવેલા 'સૂર્યોદય રો-હાઉસ'ના મકાન નંબર ૨૧ માં તેમની કંપનીના બ્રાન્ડેડ સાબુનું ડુપ્લિકેશન થઈ રહ્યું છે. આ અંગે તેમણે તાત્કાલિક સરથાણા પોલીસનો સંપર્ક કરી મદદ માંગી હતી.પોલીસ સ્ટાફના એ.એસ.આઈ. ચેતનભાઈ, કનકસિંહ, કિરણભાઈ અને અર્જુનભાઈ સહિત બે સ્થાનિક પંચોને સાથે રાખીને પોલીસે આ ત્રણ માળના મકાનમાં આકસ્મિક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

**નકલી સાબુ અને બ્રાન્ડેડ સ્ટીકરો મળ્યા**

પોલીસ અને કંપનીના અધિકારીઓએ જ્યારે મકાનમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાં હાજર ઇસમ રાજભાઈ પ્રેમજીભાઈ ઘેવરીયા (ઉ.વ. ૩૨, રહે. કવિતા રો-હાઉસ, સરથાણા) સાબુ બનાવવાની ડાઇ સાથે ઝડપાઈ ગયો હતો. મકાનની તલાશી લેતા પોલીસને અલગ-અલગ બોક્સમાંથી GHAR SOAP, MAGIC BAR ના નકલી સાબુ નંગ-૮૫૦ (કિંમત રૂ. ૧,૨૭,૫૦૦/-),બીજા અન્ય ડુપ્લિકેટ સાબુ નંગ-૫,૩૭૦ (કિંમત રૂ. ૫,૩૭,૦૦૦/-),કંપનીના અલગ-અલગ બ્રાન્ડના ખાલી કવરો નંગ-૧૨૭, AQUA, ALOE CERAMIDE, COFFEE, COCO NUT, KOJIC સાબુના નકલી સ્ટીકરો નંગ-૧,૫૯૦,સાબુ બનાવવાની પ્લેટો નંગ-૩૦ સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

# છાતીમાં દુખાવો થયા બાદ બેંક કર્મી સહિત બેનાં મોત

**અડાજણ એક્સિસ બેંકમાં ફરજ બજાવતા કર્મીને નોકરી દરમિયાન જ છાતીમાં દુખાવો ઉપડ્યો હતો**

સુરતઃ છાતીમાં દુખાવો થયા બાદ બેંક કર્મી સહિત બે લોકોનાં મોત થયાં હતાં. જેમાં મગદલ્લા ખાતે રહેતા અને અડાજણ એક્સિસ બેંકમાં કલેક્શન ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા કર્મીને નોકરી દરમિયાન જ છાતીમાં દુખાવો ઉપડ્યો હતો.

મગદલ્લા ખાતે સરસ્વતી સ્કૂલની પાછળ આવેલ ધનલક્ષ્મી એવિન્ટા બિલ્ડિંગમાં પ્રતિકકુમાર જમનાદાસ ટેલર (34 વર્ષ) અડાજણ બ્રાન્ચની એક્સિસ બેંકમાં કલેક્શન ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતા હતા. શનિવારે પ્રતિકકુમાર નોકરી પર હાજર હતા તે સમયે તેઓને છાતીમાં દુખાવો થતાં પરત ઘરે આવ્યા હતા. ઘરે આવ્યા બાદ પ્રતિકકુમાર અચાનક બેભાન થઈ ગયા હતા. જેથી પરિવારજનો તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રતિકકુમારનું હાર્ટ એટેકથી મોત થયું હોવાની શક્યતા છે. બીજા બનાવવામાં, મૂળ બિહારના બકસર જિલ્લાના વતની મનોજ તિવારી હાલમાં સચિન જીઆઈડીસી ખાતે આવેલ તિરુમલા પાર્ક સોસાયટીમાં પરિવાર સાથે રહે છે. તે કરિયાણાની દુકાનમાં કામ કરી બે સંતાનો સહિતના પરિવારનું ભરણપોષણ કરે છે. શનિવારે રાત્રે તેમની પત્ની માલાદેવી (45 વર્ષ)ને છાતીમાં એકાએક દુ:ખાવો ઉપડ્યા બાદ બેભાન થઈ ગયા હતા. જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ બાદ નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

## પત્નીને મારી નાંખવા ગુગલ સર્ચ કરી હત્યા કરનાર પતિ હાલ જેલમાં રહેશે

સુરતઃ સેશન્સ કોર્ટએ પત્નીની હત્યાના ગુનામાં આરોપી પતિ જીતેન્દ્ર દિલીપભાઈ માળી ઉર્ફે મહાજનની જામીન અરજી નામંજૂર કરી હતી. આરોપી પતિએ પત્નીની હત્યા કર્યા પહેલા ગૂગલ અને યુ ટ્યુબ પર કેવી રીતે મારી નાંખવી જેવી માહિતી પણ શોધી હતી. ત્યાર બાદ પત્નીની હત્યા કરી કરંટથી મરી ગઈ હોવાનું રટણ કર્યું હતું. લિંબાયત પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પત્નીની હત્યાના ગુનામાં જેલમાં બંધ જીતેન્દ્ર દિલીપ આનંદા માળી ઉર્ફે મહાજનની ધરપકડ કરવામાં આવી છે. આરોપી પતિએ પત્ની ગીતાંજલી પર પરપુરુષ સાથે પ્રેમ સંબંધ હોવાની શંકા રાખી ગળે ટૂંપો દઈ હત્યા કરી હતી. આ અરજી પર બંને પક્ષની દલીલ સાંભળ્યા બાદ કરવામાં તેણે સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર કરવામાં આવી હતી.

# મનપાની 2,700 જગ્યા માટે 2,00,000થી વધુ પરિક્ષાર્થી

**પ્રથમ તબક્કાની કસોટી 12 જુલાઈએ બે શિફ્ટમાં લેવાશે**

સુરતઃ મહાનગરપાલિકા દ્વારા અંદાજે 2,700 જેટલી વિવિધ કેડરની જગ્યાઓ માટે શરૂ કરાયેલી ભરતી પ્રક્રિયા અંતર્ગત પ્રથમ તબક્કાની પરીક્ષાઓ આગામી 12 જુલાઈ, રવિવારના રોજ યોજવાનું નક્કી કરાયું છે. લાંબા સમય બાદ યોજાઈ રહેલી આ મોટી ભરતીને લઈને મનપા તંત્ર અને ઉમેદવારો બંનેમાં ભારે ઉત્સાહ છે. આ ભરતી માટે કુલ 2 લાખથી વધુ ફોર્મ ભરાયા હોવાથી, ઉમેદવારોની પરીક્ષાઓ એકબીજા સાથે ક્રોસ ન થાય તે રીતે વહીવટી તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. હાલની પ્રાથમિક રૂપરેખા મુજબ, સમગ્ર પરીક્ષા બે શિફ્ટમાં ગોઠવવામાં આવશે, જેમાં તમામ કેડર માટે 100 ગુણનું પેપર રહેશે. એક શિફ્ટમાં માત્ર ક્લાર્કની પરીક્ષા લેવાશે, જ્યારે બીજી શિફ્ટમાં સ્ટાફ નર્સ અને ડ્રાઈવર કેડરની પરીક્ષાઓ હાથ ધરવામાં આવશે.

પ્રથમ તબક્કાની આ પરીક્ષામાં કુલ અંદાજે 1.55 લાખ ઉમેદવારો ભાગ લેવાના છે. જેમાં ક્લાર્કની 717 જગ્યાઓ માટે સૌથી વધુ એટલે કે આશરે 1.15 લાખ ઉમેદવારો વચ્ચે જંગ જામશે. આ ઉપરાંત સ્ટાફ નર્સની 150 જગ્યાઓ માટે આશરે 30 હજાર અને ડ્રાઈવરની 444 જગ્યાઓ માટે લગભગ 10 હજાર ઉમેદવારો નસીબ અજમાવશે. વર્ષો પછી યોજાઈ રહેલી આ મહત્વપૂર્ણ ભરતી પ્રક્રિયા પર મનપા તંત્ર ખાસ નજર રાખી રહ્યું છે. પરીક્ષાના ચોક્કસ સમય, પરીક્ષા કેન્દ્રોની અંતિમ યાદી અને અન્ય જરૂરી માર્ગદર્શિકાઓ આગામી દિવસોમાં કેન્દ્રોની ઉપલબ્ધતા અને વહીવટી સજ્જતાના આધારે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે.



# ગ્રીન કવર વધ્યું પણ નિકાલની નીતિ શૂન્ય

**શહેરમાં ઠેર-ઠેર ગાર્ડન વેસ્ટના ઢગલા**

સુરતઃ દેશના સૌથી સ્વચ્છ શહેરનું ગૌરવ ધરાવતા સુરતમાં હાલ ચોમાસા પૂર્વે ગાર્ડન વેસ્ટના નિકાલની સમસ્યા વધી રહી હોય તેમ જણાઈ રહ્યું છે. ચોમાસાની અગમચેતીના ભાગરૂપે અત્યારે સમગ્ર શહેરમાં વૃક્ષોની ડાળીઓનું ટ્રિમિંગ, સોસાયટીઓની આંતરિક સફાઈ અને જાહેર બગીચાઓની સુધારણાનું કામ મોટા પાયે ચાલી રહ્યું છે. ગ્રીન વેસ્ટના યોગ્ય નિકાલ માટે સુરત મહાનગરપાલિકા પાસે કોઈ સુવ્યવસ્થિત કે ચોક્કસ આયોજન દેખાતું નથી. પરિણામે શહેરના મુખ્ય માર્ગો, જાહેર સ્થળો અને ખુલ્લા પ્લોટોમાં કપાયેલી ડાળીઓ, સૂકાં પાંદડાં તેમજ ઝાડી-ઝાંખરાના વિશાળ ઢગલા ખડકાયેલા જોવા મળી રહ્યા છે. સુરત મનપા સફાઈના ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે મોડેલ હોવાના મોટા દાવા કરે છે, પરંતુ બીજી તરફ વાસ્તવિકતા એ છે કે ડોર-ટુ-ડોર કચરા સંગ્રહની ગાડીઓમાં આ ગાર્ડન વેસ્ટ સ્વીકારવામાં આવતો નથી. મનપાની આ આળસ અને કોઈ સ્પષ્ટ નીતિ ન હોવાને કારણે સ્વચ્છ ગણાતા સુરત શહેરની સુંદરતા પર મોટો દાગ લાગી રહ્યો છે અને સ્થાનિક નાગરિકો ભારે મૂંઝવણમાં મૂકાયા છે.

છેલ્લાં કેટલાક વર્ષોમાં શહેરમાં ગ્રીન કવર વધારવાના ઉદ્દેશ્યથી વ્યાપક પ્રમાણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે, જેના લીધે રહેણાંક સોસાયટીઓ અને બગીચાઓ હરિયાળા તો બન્યા છે, પરંતુ હવે આ હરિયાળીના જાળવણી કચરાનો નિકાલ તંત્ર માટે માથાનો દુખાવો સાબિત થઈ રહ્યો છે. ચોમાસું નજીક હોવાથી સોસાયટીઓ દ્વારા કરાતી સફાઈ બાદ નીકળતો કચરો ઉપાડવા કોઈ નિયમિત વાહન ન આવતું હોવાથી, લોકો મજબૂરીવશ તેને સોસાયટીની બહાર કે રસ્તાના કિનારે ફેંકી દે છે, જ્યાં તે દિવસો સુધી સડતો રહે છે. મનપાની ડોર-ટુ-ડોર ગાડીઓ માત્ર ઘરેલુ કચરો, કોમર્શીયલ કચરો લે છે અને ગાર્ડન વેસ્ટ લેવાની સાફ ના પાડી દે છે, જ્યારે સફાઈ વિભાગ પણ આ કચરો હટાવવાની જવાબદારી સ્વીકારવા તૈયાર નથી. તંત્રની આ ઉદાસીનતા માત્ર ગંદકી જ નથી ફેલાવતી, પરંતુ આગામી ચોમાસામાં આ સૂકા પાંદડા અને ડાળીઓ વરસાદી પાણીના પ્રવાહ સાથે તણાઈને ગટરો તેમજ ડ્રેનેજ લાઈનોમાં ફસાઈ જવાની પૂરેપૂરી શક્યતા છે. જો આ કચરો સમયસર સાફ કરવામાં નહીં આવે, તો ડ્રેનેજ લાઈનો ચોકઅપ થઈ જતાં સ્થાનિક વિસ્તારોમાં જળબંબાકાર અને પાણી ભરાવવાની સમસ્યા થશે તે નક્કી છે.

# પાંડેસરાની ઓરિએન્ટ મિલની આગ 6 કલાકે કાબૂમાં આવી

**ત્રણ માળનું આખું બિલ્ડિંગ આગમાં લપેટાયું**

**કાપડના 500 તાકા પણ બળીને રાખ થઈ ગયા**

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં આવેલી ઓરિએન્ટ ડાઈંગ મિલમાં શનિવારે મોડી રાત્રે અગમ્ય કારણોસર ભયાનક આગ ફાટી નીકળી હતી. ગણતરીની મિનિટોમાં જ આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે ગ્રાઉન્ડ પ્લસ બે માળનું આખું બિલ્ડિંગ આગની ચપેટમાં આવી ગયું હતું. મધરાતે આશરે 2 વાગ્યાના અરસામાં મિલમાં અચાનક આગ લાગી હોવાનો કોલ ફાયર બ્રિગેડ વિભાગને મળતાં ભેસ્તાન, ઉધના અને માન દરવાજા ફાયર સ્ટેશનથી ગાડીઓનો કાફલો રવાના કરાયો હતો. પરંતુ આગ વધુ ભયાવહ બનતાં પરિસ્થિતિ પર



કાબૂ મેળવવા માટે મજુરા, ડિંડોલી, ડુંભાલ અને કતારગામ સહિત કુલ સાત અલગ-અલગ ફાયર સ્ટેશનથી ફાયર ફાઈટરોની ટીમોને ઘટનાસ્થળે ઉતારવી પડી હતી. આ આગ 6 કલાકે કાબૂમાં આવ્યા બાદ કૂલિંગની કામગીરી શરુ કરવામાં આવી હતી. આ બનાવમાં સદનસીબે કોઈ પણ પ્રકારની જાનહાનિ કે ઈજા થવા પામી નથી. મિલમાં લાગેલી આગ એટલી વિનાશક હતી કે તેમાં રાખેલો કરોડોનો માલસામાન અને મશીનરી બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગયા હતા. પ્રાથમિક વિગતો મુજબ મિલમાં રહેલા 90 સેન્ટ્રલ મશીન, રોડ રોટરી મશીન, ઝીરોઝીરો મશીન, ઝેડ ડાઉન મશીન, આખો આરો પ્લાન્ટ, પ્રિન્ટર મશીન, ફેક્ટરીનું વાયરીંગ તેમજ અંદાજે 500 નંગ જેટલા કાપડના તાકા બળી ગયા હતાં.

# નાસીરનગરના પુનર્વસન માટે બુધવારે વિરોધ પ્રદર્શન

**જો મહાનગરપાલિકાએ ડિમોલિશન કર્યું હોય તો અસરગ્રસ્ત પરિવારોને અગાઉથી નોટિસ કેમ આપવામાં આવી નહોતી: કોંગ્રેસ ઉપપ્રમુખ**

સુરતઃ નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં 22 દિવસ બાદ મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજે આપેલા સત્તાવાર નિવેદન પછી મામલો વધુ ગરમાયો છે. કમિશનરે સ્વીકાર્યું હતું કે 30 મેના રોજ સેન્ટ્રલ ઝોનની ટીમ પોલીસની હાજરીમાં સીમાંકન કામગીરી માટે પહોંચી હતી, જે દરમિયાન ડિમોલિશનની કાર્યવાહી પણ કરવામાં આવી હતી. આ નિવેદન બાદ શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશીએ સવાલ ઉઠાવ્યો છે કે જો મહાનગરપાલિકાએ ડિમોલિશન કર્યું હોય તો અસરગ્રસ્ત પરિવારોને અગાઉથી નોટિસ કેમ આપવામાં આવી નહોતી.

કોંગ્રેસે માંગ કરી છે કે જેમનાં મકાનો તોડી પાડવામાં આવ્યાં છે તેમને તે જ સ્થળે પુનઃ આવાસ આપવામાં આવે, જ્યારે સીમાંકન હેઠળ આવેલા પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ઘર ફાળવવામાં આવે.

સૂર્યવંશીએ જણાવ્યું કે કાયદાકીય પ્રક્રિયા મુજબ પૂર્વ સૂચના આપ્યા વિના કાર્યવાહી કરવી યોગ્ય નથી. અસરગ્રસ્ત પરિવારોને ન્યાય અને વૈકલ્પિક રહેઠાણની માંગ સાથે કોંગ્રેસ બુધવારે સુરત મહાનગરપાલિકા મુખ્યાલય ખાતે વિરોધ પ્રદર્શન કરશે. કોંગ્રેસનો આરોપ છે કે હજુ સુધી પુનર્વસન અંગે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યાં નથી. આ મુદ્દો માત્ર સુરતમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં ગાજ્યો છે. તેના પડઘા દિલ્હી સુધી પડ્યા છે.

## કાકાની દીકરીના લગ્નના બીજા દિવસે નવોઢાનો બાથરૂમમાં આપઘાત

સુરતઃ મુંબઈમાં રહેતી પરિણીતા ડિંડોલી પિયરમાં કાકાની છોકરીના લગ્ન માટે આવી હતી. દરમિયાન તેણીએ આપઘાત કરી લીધાની ઘટનાથી ઘરમાં લગ્નનો માહોલ પહેલા જ શોક છવાયો હતો. પોલીસ સૂત્રો પાસે મળતી માહિતી મુજબ ડિંડોલી ખાતે આવેલા કૈલાશનગરમાં રહેતી 21 વર્ષીય દિપાલીના એક મહિના પહેલા મુંબઈ દહીસર ઈસ્ટમાં રહેતા રવિ સકટ સાથે લગ્ન થયા હતા. રવિ મુંબઈમાં વકીલાત કરે છે. દિપાલી 10 દિવસ પહેલા જ સુરતમાં પિયરમાં માતા-પિતાને મળવા માટે આવી હતી. શનિવારે દિપાલીની કાકાની પુત્રીના લગ્ન હતા. સાળીના લગ્ન હોવાથી દીપાલી પતિ સાથે સુરત આવી હતી. શનિવારે લગ્નપ્રસંગમાં હાજરી આપ્યા બાદ આજે રવિવારે સવારે તે નહાવા ગઇ હતી અને બાથરૂમનો દરવાજો અંદરથી બંધ કરી ફાંસો ખાઈ લીધો હતો.

## સારોલીમાં ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા વૃદ્ધનું મોત, હત્યાની શંકા

સુરતઃ જહાંગીરપુરા સરોલી ચેક પોસ્ટ પાસે રહેતા 60 વર્ષીય બાબુ નિરુતિ સાવંત શનિવારે સવારે સરોલી ચેક પોસ્ટ પાસે રોડ પર ઈજાગ્રસ્ત હાલતમાં પડ્યા હતા. વૃદ્ધને ઈજાગ્રસ્ત હાલતમાં પડેલા જોઈને રાહદારીએ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. તેમને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન રાત્રે તેમનું મોત થયું હતું. તેમના મોત બાદ જહાંગીરપુરા પોલીસે નવી સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જેમાં તેમના જમણા હાથ પર અને હથેળી પર તેમજ ડાબા હાથમાં અને ડાબા પગમાં ઈજાના નિશાનો મળી આવ્યા હતા. તેમના માથાના ભાગે પણ બોથડ પદાર્થ વડે કોઈએ ઈજા પહોંચાડી હોવાનું સામે આવ્યું છે. આ બનાવ અંગે પોલીસે હાલતો અકસ્માત મોતનો ગુનો નોંધીને તપાસ શરુ કરી છે.

# SBIની લૂંટ કરવા સુરતના ટપોરીને બાઈક ચોરી હતી

**ડુપ્લિકેટ નંબર પ્લેટ પટનામાં બનાવાઇ હતી**

સુરતઃવરાછા વિસ્તારની SBI બેંકમાં દોઢ મહિના પહેલાં થયેલી ૫૦ લાખની સનસનાટીભરી લૂંટના મામલે સુરત પોલીસની ઝોન-૧ ની ટીમે તમિલનાડુ-કર્ણાટક બોર્ડર પરથી વધુ બે સાગરીતો વિકાસકુમાર ઉર્ફે ચંદન (રહે. મુઝફ્ફરપુર, બિહાર) અને સંજીત ઉર્ફે સંચીત રાજભર (રહે. યુપી)ની ધરપકડ કરી છે. પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી આગામી સોમવાર સુધીના રિમાન્ડ મેળવ્યા છે. રિમાન્ડ દરમિયાન મુખ્ય આરોપી વિકાસકુમારની પૂછપરછમાં લૂંટના ષડયંત્રને લઈને અનેક ચોંકાવનારી માહિતી બહાર આવી છે.

પોલીસ રિમાન્ડ દરમિયાન આરોપી વિકાસે કબૂલાત કરી હતી કે, લૂંટની ઘટનાને અંજામ આપવા માટે પ્લાનિંગના ભાગરૂપે તે વોન્ટેડ LX પાસેથી બિહારના પટનાથી ખાસ ડુપ્લીકેટ નંબર પ્લેટ બનાવીને સુરત લાવ્યો હતો, જે લૂંટમાં વપરાયેલી બાઈક પર લગાવવાની હતી. આ ઉપરાંત, ગુનામાં વાહન મેળવવા માટે તેણે સુરતના એક સ્થાનિક ટપોરીને ચાર બાઈક ચોરી કરવાની સોપારી આપી હતી. જોકે, આ ટપોરી માત્ર ખટોદરા વિસ્તારમાંથી એક જ બાઈક ચોરી શક્યો હતો. હાલ પોલીસે આ બાઈક ચોર ટપોરીને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.તપાસમાં સામે આવ્યું છે કે વિકાસ એથિકલ હેકિંગનો કોર્સ કરેલો ટેકનિકલ એક્સપર્ટ છે અને તે પટના જેલમાં બંધ કુખ્યાત ગેંગસ્ટર કુંદન ભગતનો પિતરાઈ ભાઈ છે. કુંદન ભગતે જેલમાંથી જ આઈપી બેઝ્ડ એપ્લિકેશન અને મોબાઈલ દ્વારા વિકાસનો સંપર્ક કર્યો હતો. વિકાસ ઘટનાના છ મહિના પહેલાં જ સુરત આવી ગયો હતો અને શહેરની અલગ-અલગ બેંકોની રેકી કરતો હતો. હાલ પોલીસ આ સમગ્ર નેટવર્કના અન્ય કડીઓ જોડી વધુ તપાસ ચલાવી રહી છે.

## કતારગામમાંથી રિક્ષામાં ૨.૭૫ લાખના ગાંજા સાથે એક પકડાયો

સુરતઃ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ ગાંધીનગરની સુરત ઝોનની ટીમે પાડેલા દરોડામાં રૂ. ૪.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત; બિહારના રિક્ષાચાલકની ધરપકડ ૧) નીલુ પાંડી ઉર્ફે સાનુ અને (૨) ગોરા પિલ્લાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે ૫,૫૧૦ ગ્રામ (કિંમત રૂ. ૨,૭૫,૫૦૦/-) મોબાઈલ ફોનઃ નંગ-૧ (કિંમત રૂ. ૫,૦૦૦/-),ઓટો રિક્ષાઃ (કિંમત રૂ. ૧,૫૦,૦૦૦/-),આમ, પોલીસે કુલ રૂપિયા ૪,૩૦,૫૦૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સુરત ઝોનની ગાંધીનગર ANTF સી.આઈ.ડી. ક્રાઈમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ. એમ. આજરા અને તેમની ટીમને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે કતારગામ જી.આઈ.ડી.સી. નજીકથી માદક પદાર્થનો જથ્થો પસાર થવાનો છે. આ બાતમીના આધારે પોલીસે કતારગામથી વરાછા જતા પ્રમુખસ્વામી ઓવરબ્રિજ પર વોચ ગોઠવી હતી.

# સુરતમાં કાપડના વેચાણમાં 30 ટકાનો ઘટાડો

**સુરત મર્કન્ટાઇલ એસોસિએશનની બેઠક મળી**

સુરત : સુરત મર્કન્ટાઈલ એસોસિએશન (એસએમએ)ની 219મી નિયમિત માસિક સમસ્યા નિવારણ બેઠક સિટી લાઈટ સ્થિત મહેશ્વરી ભવનના બોર્ડરૂમમાં એસએમએના પ્રમુખ નરેન્દ્ર સાબુ, તેમની પંચ પેનલ તથા કોર કમિટીના સભ્યોની આગેવાની હેઠળ યોજાઈ હતી. બેઠક દરમિયાન કાપડ ઉદ્યોગની વર્તમાન સ્થિતિ, વેપારમાં આવેલી મંદી, ઉધારી પ્રથા અને વધતા પ્રોસેસિંગ ખર્ચ જેવા મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકની શરૂઆતમાં વેપાર સંબંધિત ચર્ચાઓ દરમિયાન જણાવાયું હતું કે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા એટલે કે એપ્રિલથી જૂન દરમિયાન કાપડના વેચાણમાં ગયા વર્ષની સરખામણીએ અંદાજે 30 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. વેપારીઓના મતે દક્ષિણ ભારતના બજારોમાં હાલ ચાલી રહેલા ઓફ સિઝન સમયગાળાને જોતા આગામી દિવસોમાં વેપારની સ્થિતિ વધુ નબળી બનવાની શક્યતા છે અને વેચાણમાં 50 ટકા સુધીનો ઘટાડો થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી હતી.

વધારેલા પ્રિન્ટિંગ ચાર્જિસ સામે વેપારીઓ વિરોધ નોંધાવ્યો હતો બેઠકમાં પ્રોસેસિંગ ઉદ્યોગ દ્વારા વધારવામાં આવેલા પ્રિન્ટિંગ ચાર્જિસનો પણ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. બેઠકમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે ટેક્સટાઈલ ટ્રેડર્સ નવા રેટ વધારાના સમર્થનમાં નથી અને વર્તમાન આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રોસેસ હાઉસોએ વેપારીઓની સ્થિતિને સમજીને નિર્ણય લેવાની જરૂર છે.

નરેન્દ્ર સાબુ એ જણાવ્યું હતું કે, ઉધારીના વધતા જોખમને કારણે નવા વેપાર વ્યવહારોમાં પણ સંકોચ જોવા મળી રહ્યો છે.